આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

પ્રગતિ એ જ કરી શકે છે જે બીજાઓને શિખામણ આપવાને બદલે પોતાની જાતને શિખામણ આપે છે
- જ્ઞાનસૂત્ર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૧૫૧ | ૧૦ ઓગસ્ટ, ૨૦૧૪, રવિવાર; શ્રાવણ સુદ - ૧૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# કેપીટલ સ્ટેશન કે અચ્છે દિન આને વાલે હૈ...

## ગાંધીનગરને નવી વધુ ટ્રેઈન ફાળવવા મુખ્યમંત્રીની કેન્દ્રીય રેલમંત્રીને રજૂઆત



મહિલા સશક્તિકરણ - મહિલા સશક્તિકરણ અભિયાને રાજ્યભરમાં હકારાત્મક માહોલ સર્જ્યો છે... વૈવિધ્યપૂર્ણ કાર્યક્રમોના માધ્યમથી મહિલા પ્રવૃત્તિના પ્રોત્સાહક પરિમાણો પ્રાપ્ત થઈ રહ્યા છે... ગાંધીનગર જિલ્લાની કોબા ખાતેની કસ્તુરબા સંસ્થાની વિદ્યાર્થીનીઓ કરાઈ પોલીસ અકાદમી ખાતે ફાયરીંગ અંગેની તાલીમ મેળવી રહી છે... સશક્તિકરણની આ ઉજ્જ્વળ તસવીર મહિલાઓ માટે નવી દિશા ખોલે છે... સ્વરક્ષણની દિશામાં મહિલાઓ હિંમતપૂર્વક આગળ વધી રહી છે... સમયના પડકારોને પોંખવાની ક્ષમતા પ્રગટાવતી મહિલાઓને શુભેચ્છાઓ પાઠવીએ...

ગાંધીનગર, તા. ૯

કેપીટલ સ્ટેશનના વિકાસ માટે વર્ષોથી અન્યાય થતો હોવાનો આક્રોશ ચરમશીમાએ પહોંચ્યો છે. ગત બજેટમાં પણ ગાંધીનગરને ઠેંગો દેખાડી દેવાતા કેપીટલ સ્ટેશનને નવી એકપણ ટ્રેઈન ફાળવવાની જાહેરાત થઈ ન હતી. જ્યારે કેપીટલ સ્ટેશનને પાટનગરના દરજ્જા મુજબ વિકસાવવાની માંગ પ્રબળ બની છે ત્યારે મુખ્યમંત્રીએ પણ ગાંધીનગરને નવી ટ્રેઈન ફાળવવા કેન્દ્રીય રેલવેમંત્રીને રજૂઆત કરી છે. જેથી હવે કેપીટલ સ્ટેશન માટે હવે અચ્છે દિન આને વાલે હૈ તેવું ચોક્કસ કહી શકાય.

કરોડોના ખર્ચે વિકસાવાયેલા કેપીટલ રેલવે સ્ટેશનને ધમધમતુ કરવા માટે દાયકાઓના અંતે પણ

● અનુસંધાન પાન-૭ પર

## ખોરજ-શાંતિગ્રામમાંથી વધુ એક કોલેરાનો કેસ

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગરના ખોરજ નજીક શાંતિગ્રામ કન્સ્ટ્રક્શન સાઈટ પાસેથી આજે વધુ એક કોલેરા પોઝીટીવનો કેસ મળી આવ્યો છે.

ગાંધીનગર જિલ્લામાં ચોમાસાની અનિયમિતતાની વચ્ચે જે રીતે પાણીજન્ય રોગચાળો વકરી રહ્યો છે તેની સામે તંત્ર લાચાર બની રહ્યું છે. છેલ્લા એક વર્ષથી આ વિસ્તારમાંથી છુટા છવાયા કેસો મળી રહ્યા છે પણ તંત્ર આ વિસ્તારમાં અસરકારક કામગીરી કરવામાં નિષ્ફળ રહ્યું છે.

તંત્ર આ વિસ્તારને કોલેરા ભયગ્રસ્ત વિસ્તાર જાહેર કરવાનું પણ છુટા છવાયા કેસો મળતાં ટાળી રહ્યું છે. આ વિસ્તારમાં છેલ્લા ૧૫ દિવસમાં આ ચોથો પોઝીટીવ કેસ મળી આવતાં તંત્રમાં હવે ચિંતાની લાગણી વધી છે. જો કે તંત્ર દ્વારા આ વિસ્તારમાં સર્વેલન્સની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે.

મળતી વિગતો પ્રમાણે કલોલ તાલુકાની હદ તેમજ અમદાવાદ જિલ્લાની હદને આવેલો જિલ્લાનો આ વિસ્તાર પાણીજન્ય રોગચાળા માટે વધુ સંવેદનશીલ બની રહ્યો છે.

કોલેરા પોઝીટીવનો મળી આવેલા દર્દીને સારવાર માટે સોલા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે અને ત્યાં તેની તબિયત સુધારા પર હોવાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર જિલ્લામાં પાણીજન્ય રોગચાળો વધુ વકરે તે પહેલાં તંત્ર દ્વારા અસરકારક કામગીરી થાય તેમ લોકો ઈચ્છી રહ્યા છે.

## દરેક તાલુકાની અલગ ઓળખ ઉભી કરાશે

ગાંધીનગર, તા. ૯

રાજ્યના દરેક તાલુકાઓની એક ઓળખ ઉભી થાય અને લોકોને પોતાપણાનો ભાવ થાય તે પ્રકારના કાર્યક્રમોનું આયોજન કરવા માટેની સૂચનાઓ વિભાગના વડાઓને આપવામાં આવી હોવાનુ ંજાણવા મળે છે.

સચિવાલય સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજ્યના દરેક તાલુકા એવા છે કે આ તાલુકાઓની કોઈની કોઈ બાબતો માટે જાણીતુ હોઈ પરંતુ આવી બાબતોને ક્યારેય કોઈ પ્રાધાન્ય આપવામાં આવતું નથી કે તેને કોઈ કાર્યક્રમો સાથે સાંકળવામાં આવી ન હોઈ આ તાલુકાઓની કોઈ આગવી ઓળખ ઉભી થઈ શકી નથી.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ તાજેતરમાં જ ઉચ્ચ અધિકારીઓની મળેલી એક બેઠકમાં રાજ્યના મુખ્ય સચિવે એવું જણાવ્યું હતું કે રાજ્યના દરેક તાલુકા દીઠ જોવાલાયક સ્થળ અથવા તે તાલુકામાં વિપુલ પ્રમાણમાં, ઉત્કૃષ્ટ પ્રકારના થતાં પાકો આ તાલુકામાં થઈ ગયેલ કોઈ મહાન વ્યક્તિ વિગેરે

● અનુસંધાન પાન-૭ પર























